**જન્મદિને વધામણી**

સંદીપ શાહ
ડિરેક્ટર, ટોપ એજ્યુકેશન
મો. ૯૯૦૯૯૪૧૮૯૨

સંદીપ શાહ
ડિરેક્ટર, ટોપ એજ્યુકેશન
મો. ૯૯૦૯૯૪૧૮૯૨

# શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયનાં પોલીસ કૅડેટ્સને મુખ્યમંત્રી સન્માન

## કૅડેટ તથા સ્કૂલના આચાર્ય યુવરાજસિંહ વાઘેલા વર્ષ દરમ્યાનની શ્રેષ્ઠ કામગીરી બદલ મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે સન્માનિત

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત સરકારના ગૃહવિભાગ દ્વારા વિદ્યાર્થીકાળમાં જ બાળકોમાં સ્વયંશિસ્ત અને રાષ્ટ્રપ્રેમ જાગૃત થાય તે આશયથી જૂન, ૨૦૧૪માં શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય સ્ટુડન્ટ પોલીસ કૅડેટનું ગઠન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર જિલ્લા પોલીસ વડાની કચેરી દ્વારા આ કૅડેટને શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન આઉટડોર અને ટ્રેનીંગ મેન્યુઅલ ફોર સ્ટુડન્ટ પોલીસ કૅડેટ જેવા ઇન્ડોર અભ્યાસક્રમથી વિદ્યાર્થીઓને સજ્જ કર્યા. ઉપરાંત, આઉટડોર તાલીમ દ્વારા પરેડ, માર્ચ પાસ્ટ, રાયફલ શૂટીંગ અને ટ્રાફિક નિયમન જેવી વિવિધ પ્રવૃત્તિઓ વર્ષ દરમ્યાન કરાવી વિદ્યાર્થીઓને તાલીમબદ્ધ કર્યા હતા.

કૅડેટ્સે તાલીમ મેળવ્યા બાદ સમગ્ર વર્ષ દરમ્યાન સુંદર પ્રવૃત્તિઓ કરી હતી, ટ્રાફિક નિયમનમાં પોલીસની સહાય કરી હતી તથા વિવિધ શાળાઓમાં ટ્રાફિક જાગૃતિ માટેનાં વ્યાખ્યાનોનું આયોજન પણ કર્યું હતું અને પ્રાથમિક સારવારની જાણકારી જેવા કાર્યશિબિરો દ્વારા સુંદર કામગીરી બજાવી હતી.

મુખ્યમંત્રી નિવાસસ્થાને કૅડેટ તથા સ્કૂલના આચાર્ય યુવરાજસિંહ વાઘેલાને વર્ષ દરમ્યાનની શ્રેષ્ઠ કામગીરી બદલ દશેરા શસ્ત્રપૂજન પ્રસંગે મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સીએમ સિક્યુરિટી અધિકારી એસપી મનિન્દ્રસિંહ પવાર પણ ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગરનું ડાન્સ ગ્રૂપ અમદાવાદમાં વિજેતા

ગાંધીનગરના સેક્ટર-૨૬ ખાતે કાર્યરત એમઆરડીસી ગ્રૂપને અમદાવાદ ખાતે રેડિયો મિર્ચી આયોજિત નવરાત્રી મહોત્સવ 'રૉક ઍન ઢોલ'માં છઠ્ઠા નોરતે 'બેસ્ટ ગ્રૂપ' તરીકે ઇનામ અને જૅકપૉટ તરીકે રૂા. ૧ લાખની રાશિ પ્રાપ્ત થઈ હતી. અભિરાજસિંહ ઝાલાના નેતૃત્વમાં આ ગ્રૂપ વેસ્ટર્ન સહિત વિવિધ પ્રકારનાં ડાન્સ શીખવવાની પ્રવૃત્તિ કરે છે તેમજ વખતોવખત યોજાતી ડાન્સ સ્પર્ધાઓમાં ભાગ લઈ વિજેતાપદ પણ પ્રાપ્ત કરે છે.

## મનોરંજન

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧**
શાનદાર
૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૫, ૭.૧૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૨**
શાનદાર
૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૫, ૬.૧૦, ૯.૧૫

**સ્ક્રીન-૩**
પ્યાર કા પંચનામા-૨
૧૦.૧૫
તલવાર
૧.૦૦
ગુજ્જુભાઈ ધી ગ્રેટ
૩.૪૫
૧૦ ઇન્દ્રાધુકુલ્લા (તમિલ)
૬.૪૫
શાનદાર
૯.૪૫

**સ્ક્રીન-૪**
શાનદાર
૧૧.૦૦
પ્યાર કા પંચનામા-૨
૧.૪૫, ૪.૪૦, ૭.૩૫, ૧૦.૩૦

# ગાંધી મિત્ર વર્તુળ દ્વારા ગાંધી જીવનદર્શન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૬

ગાંધી મિત્ર વર્તુળ, ગાંધીનગરના ઉપક્રમે તાજેતરમાં ગાંધી જીવનદર્શન અંગેનો ત્રિવિધ કાર્યક્રમ પવિત્ર યાત્રાધામ વિકાસ બૉર્ડના ચૅરમૅન મહેન્દ્રભાઈ ત્રિવેદીના અધ્યક્ષસ્થાને બ્રહ્માણી હૉલ ખાતે યોજવામાં આવ્યો હતો.

ગાંધી જીવન દર્શન અંગે વિવિધ વિષય પરત્વે ગાંધીનગરની ઉચ્ચતર માધ્યમિક શાળાઓ અને કૉલેજના વિદ્યાર્થીઓ માટે બે સ્તરે વક્તૃત્ત્વ સ્પર્ધા અગાઉ તા. ૧૧-૧૦-૧૫ના રોજ યોજાઈ હતી, તેમાં હાઇસ્કૂલ સ્તરે કાજલ પ્રજાપતિ (પ્રથમ), કિરણ ચૌધરી (બીજા) અને સંકલ્પ ઝાલા (ત્રીજા), જ્યારે કૉલેજ સ્તરે જીલ દેસાઈ (પ્રથમ), ભાગ્યશ્રી ઠાકર (બીજા) અને મૌન સાધુ (ત્રીજા) વિજેતા જાહેર થતાં તેમને અનુક્રમે રૂા. બે હજાર, એક હજાર અને પાંચસોનાં રોકડ ઇનામો એનાયત કરવામાં આવ્યાં હતાં. સ્પર્ધામાં ભાગ લેનારા સૌ વિદ્યાર્થીઓને ગાંધીજીની સંક્ષિપ્ત આત્મકથા ભેટમાં આપવામાં આવી હતી.

બંને વિભાગોના પ્રથમ વિજેતાઓએ 'ગાંધીજી આજે હયાત હોય તો' તથા 'ગાંધીજીનું સાચું તર્પણ કેવી રીતે થઈ શકે ?' તે વિષયે વક્તવ્યો આપ્યાં હતાં.

તસવીર : કશ્યપ નિમાવત

મહાત્મા ગાંધી ચિંધ્યા રચનાત્મક કાર્યક્રમો અને સર્વોદય વિચારને વરેલા વરિષ્ટ ગાંધીજન મનસુખભાઈ પંચાલ (૮૭) વર્ષ, અમૃતભાઈ ત્રિવેદી (૮૬) વર્ષ, વસંતભાઈ શાહ (૮૨)નું સન્માન પણ પુષ્પગુચ્છ અને શાલના માધ્યમથી કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમના મુખ્ય વક્તા ગાંધી દર્શન અને લોક સાહિત્યના મર્મજ્ઞ વસંતભાઈ ગઢવી (નિવૃત્ત આઈએએસ)એ 'મોહનમાંથી મહાત્મા' વિષયે અભ્યાસપૂર્ણ વિવેચનાત્મક અને અસરકારક વક્તવ્ય આપ્યું હતું. તેમણે જણાવ્યું કે ગાંધીવિચાર મંથન અને આચરણ આધારિત હોઈ શાશ્વત છે. ગાંધીજીની સત્ય અને અહિંસા આધારિત સત્યાગ્રહી લડત ધર્મ, શીલ અને સંસ્કાર પ્રેરિત નેતાગીરી વધુ અસરકારક, ધ્યેયલક્ષી અને વ્યાપક જનાધારિત થતાં ભારત સ્વતંત્ર થયો, જે અભૂતપૂર્વ ઘટના હતી. અનેક પ્રસંગો અને ઉદાહરણો રજૂ કરી તેમણે સામાન્ય માનવ - મોહનમાંથી સાબરમતીના સંત અને મહાત્મા કેવી રીતે થયા તે સમજાવી ગાંધીવિચાર સનાતન હોઈ સાંપ્રત સમયમાં વર્તમાન અને ભવિષ્યમાં પ્રસ્તુત અને ચિરંજીવ રહેશે તેવી વિચારધારા વ્યક્ત કરી હતી.

ભાનુભાઈ પુરાણીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. મહેન્દ્રભાઈ ત્રિવેદીએ પ્રાસંગિક પ્રવચનમાં ગાંધી જીવન અને વિચાર દર્શન અંગેની પ્રવૃત્તિ ગાંધીનગરમાં સતત ચાલતી રહે અને ગાંધી વિચાર પ્રસાર સતત થતો રહે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. વર્ષાબેન પારેખે કર્યું હતું, મુકુંદભાઈ જોષીએ આભાર દર્શન કર્યું હતું.

# વક્તૃત્ત્વ સ્પર્ધામાં ભોળાભાઈ પટેલ બીસીએ કૉલેજ, ગાંધીનગરની બે વિદ્યાર્થીનીઓ વિજેતા

જીલ દેસાઈ

ભાગ્યશ્રી ઠાકર

ગાંધીનગર, તા. ૨૬

ગાંધી મિત્રવર્તુળ, ગાંધીનગર દ્વારા 'ગાંધીજીવન દર્શન કાર્યક્રમ' અંતર્ગત વક્તૃત્ત્વ સ્પર્ધામાં પ્રથમ અને દ્વિતીય સ્થાને ભોળાભાઈ પટેલ બીસીએ કૉલેજની બે વિદ્યાર્થીનીઓ વિજેતા બની હતી.

પૂજ્ય ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં સફળ સત્યાગ્રહી તરીકે પ્રતિષ્ઠા મેળવીને દેશસેવા કાજે હિન્દમાં આવ્યાને યશસ્વી સો વર્ષ પુરા થયા છે. (વર્ષ - ૧૯૧૫-૨૦૧૫) તે નિમિતે એની મધુર સ્મૃતિમાં યોજેલ ગાંધી મિત્રવર્તુળ, ગાંધીનગરના ઉપક્રમે 'ગાંધીજીવન દર્શન' કાર્યક્રમ અંતર્ગત વક્તૃત્ત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ''ગાંધીજીનું સાચું તર્પણ કેવી રીતે થઇ શકે?'' વિષય પર ભોળાભાઈ પટેલ બીસીએ કોલેજ, ગાંધીનગરની બીસીએ સેમેસ્ટર-૩ની બે વિદ્યાર્થીનીઓ કુ. જીલ દેસાઈ અને કુ. ભાગ્યશ્રી ઠાકરે આ સ્પર્ધામાં ભાગ લીધો હતો અને અનુક્રમે પ્રથમ અને દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ગાંધીજીવન દર્શન વિશે યોજાયેલઆ વક્તૃત્ત્વ સ્પર્ધામાં વિજેતાઓને પુરસ્કાર સ્વરૂપે અનુક્રમે પ્રથમને ૨૦૦૦/-રૂ. અને દ્વિતીયને ૧૦૦૦/-રૂ. તથા પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. કૉલેજ તરફથી ડિરેક્ટર ડૉ.એસ.એમ. શાહ, પ્રોગ્રામ-કોઓર્ડિનેટર પ્રો. કેતન સાળુંકે અને કૉલેજ પરિવારનાં સ્ટાફમિત્રો તથા વિદ્યાર્થીઓએ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.

# હરિનગર સોસાયટી ખાતે આજે ગરબાનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૬

વાવોલ ગામમાં સ્થિત હરિનગર સોસાયટી ખાતે પ્રતિ વર્ષની જેમ આ વખતે પણ શરદપૂનમ નિમિત્તે ગરબા તેમજ દૂધપૌંઆનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

સોસાયટીના પ્રમુખે આ અંગેની એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે આ કાર્યક્રમ હરિનગર સોસાયટીના ૩૫૦થી પણ વધુ રહીશો તથા આગેવાનો સુરેન્દ્રસિંહ પરમાર અને દશરથભાઈ ત્રિવેદીની આગેવાનીમાં યોજાઈ રહ્યો છે. જેમાં સોસાયટીની બહેનો, યુવાનો દ્વારા ખૂબ જ ઉત્સાહથી ધામધૂમપૂર્વક માતાજીની આરતી બાદ હર્ષોલ્લાસ સાથે ગરબે ઘૂમવામાં આવશે.

ત્યારબાદ રાત્રે દૂધપૌંઆની ઉજવણી સૌ વસાહતીઓ સાથે મળીને કરશે. સોસાયટીના સૌ રહીશોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા તેમણે અનુરોધ કર્યો છે.

ગાંધીનગરની જાણીતી સેવા સંસ્થા રોટરી ક્લબ ઑફ ગાંધીનગર દ્વારા ગઈકાલે સવારે ૯થી બપોરે ૩ કલાક દરમ્યાન ફિઝીયોથેરાપી સેન્ટર, સેક્ટર-૨૨ ખાતે નિઃશુલ્ક રોગ નિદાન કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો ૧૮૦થી વધુ દર્દીઓએ લાભ લીધો હતો. કૅમ્પ દરમ્યાન ડૉ. જયંત ત્રિવેદી (ફેફસાંના રોગોના નિષ્ણાત), ડૉ. દેવશી વિસામા (મગજ-ચેતાતંતુ રોગોના નિષ્ણાત) અને ડૉ. અનિકેત પંડ્યા (કિડની-પથરીના રોગના નિષ્ણાત) દ્વારા પોતાની નિષ્ણાત તબીબી સેવાઓ અને પ્રાથમિક દવાઓ પૂરી પાડવામાં આવી હતી.

# ટેક્સા-જી...રઢિયાળી રાતડીનો જોજે રંગ જાય ના...

## ગાંધીનગર સૅન્ટ ઝેવિયર્સના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ગાંધીનગર કલ્ચરલ ફૉરમની પૉકેટ આવૃત્તિ જેવા ગરબા મહોત્સવના અભૂતપૂર્વ આયોજન સાથે ફાધર હૅક્ટર પિન્ટોના ડ્રીમ પ્રૉજેક્ટને સાકાર કર્યો

ઢોલીડા ઢોલ ધીમો ધીમો વગાડમા, રઢિયાળી રાતડીનો જોજે રંગ જાય ના... માહોલ અસ્સલ નવરાત્રી જેવો જ જામેલો... નાનાં ભૂલકાંથી લઈ બે બાળકોના માબાપ કે ઈવન દાદા-દાદી કે નાના-નાની બની ચૂકેલાં સૌ 'રંગે રમે આનંદે રમે' સાથે મસ્તીથી ઝૂમી રહ્યાં હતાં.... સ્થળ હતું સૅન્ટ ઝેવિયર્સ હાઇસ્કૂલનું મેદાન અને ખેલૈયાઓ સૌ હતાં સૅન્ટ ઝેવિયર્સમાં ભણતાં કે ભણી ચૂકેલાં વિદ્યાર્થીઓ અને સાથે તાલુ પુરાવતાં હતાં એમનાં શિક્ષકો...૩૫૦૦ જેટલી વિશાળ મેદનીને હૈયે હિલોળાં લેતાં જોઈને હરખાઈ રહ્યાં હતાં પ્રિન્સિપાલ ફાધર હૅક્ટર પિન્ટો...

૧૯૭૦માં સ્થાપના પામેલી સૅન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ ચાર વર્ષ બાદ એનાં ૫૦ વર્ષ પૂર્ણ કરીને ગોલ્ડન જ્યુબિલી સૅલિબ્રેટ કરવા જઈ રહી છે. શાળાના આચાર્ય ફાધરની ઘણાં વર્ષની ઇચ્છા હતી કે એક સુપરડુપર ગરબા મહોત્સવ થાય... સૅન્ટ ઝેવિયર્સના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અવારનવાર એમની બેચવાઈઝ ભેગાં થઈ પ્રવૃત્તિ કરતાં હતાં, પણ બધાંને એક બેનર હેઠળ કેવી રીતે લાવવાં ? અને એનો મસ્ત ઉપાય આવ્યો ટૅક્સા-જી... એટલે કે ધ ઍક્સ ઝેવિયરાઈટ્સ સ્ટુડન્ટ્સ ઍસોસિએશન - ગાંધીનગર...

ઝેવિયર્સના ભૂતપૂર્વ ઍક્ટિવ ચાર-પાંચ વિદ્યાર્થીઓ ભેગાં થયાં અને આ ટૅક્સા-જીની સ્થાપના થઈ ગઈ... આમાં સુકેતુ મહેતા, કેદાર થાનકી, કૈરવ દેસાઈ, જય દવે, કિન્નર ઝવેરી, સંદીપ શાહ, રાજુ જોષી, સુનીલ જોષી, નફીસા ખલીલ, બેલા ઠક્કર, મનોજ જોષી... અને બીજા અનેક વિદ્યાર્થીઓએ ઝેવિયર્સ

**પ્રસંગસર**
**સંજય થોરાત**

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને એક ગ્રાન્ડ ઈવેન્ટમાં ભેગા કરવા અને ગરબા મહોત્સવ દ્વારા ફાધર હૅક્ટર પિન્ટોને અનોખી ગુરૂદક્ષિણા આપવાનો અદ્‌ભૂત કાર્યક્રમ ઘડી કાઢ્યો...

નવરાત્રીના ઢોલ શાંત થયાં અને આમે ડીજેના તાલ પર ગરબા રમાડવાનું આયોજન કર્યું... તારા વિના શ્યામ મુને એકલડું લાગે, રાસ રમવાને વહેલો આવજે...નો સાદ પડ્યો અને ૧૯૭૦થી ૨૦૧૫ સુધીના બધાં વિદ્યાર્થીઓ, જેટલાં હાજર હતાં, જેમને ખબર હતી એ સૌ ઝેવિયર્સના પ્રાંગણમાં ટ્રેડિશનલ ડ્રેસ સાથે હાજર થઈ ગયાં... આ બધાંનું એવું તો સજ્જડ આયોજન હતું કે આ મહોત્સવ ગાંધીનગર કલ્ચરલ ફૉરમની પૉકેટ આવૃત્તિ જેવો જ લાગતો હતો...

ઝેવિયર્સના મેદાન પર ડીજે, રમવા માટેનું મેદાન, બેસવા માટેની વ્યવસ્થા, આમંત્રીતો માટેનું આયોજન, વિવિધ પ્રકારના ફૂડ સ્ટોલ્સ, પ્રૉડક્ટ પ્રમોશન સ્ટોલ્સ, વિશાળ ઍલઈડી સ્ક્રિન, શિસ્ત જાળવવા સ્વયંસેવકો અને બધાં પર બાજનજર રાખવા સીસીટીવી કૅમેરા... શાળામાં એકડો ઘૂંટનારા વિદ્યાર્થીઓ દ્વારા આવું સજ્જડ આયોજન થાય એટલે સ્વાભાવિક જ શિક્ષકો અને આચાર્ય પોરસાય... સિનિયર-જુનિયર કેજીથી છેક ખુલ્લા વિભાગની વિવિધ કૅટેગરીમાં બોયઝ-ગર્લ્સનાં અલગ ઈનામોની પણ વ્યવસ્થા દાદ માગે એવી હતી..

આ ગરબા મહોત્સવને માણવા ગુડાના ચૅરમૅન આશિષ દવે, ડે. મેયર કાર્તિક પટેલ, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, કલ્પતરૂના ડિરેક્ટર કમલ જૈન, અગ્રણી બિલ્ડર જગત કારાણી, માઉન્ટ કાર્મેલનાં પ્રિન્સિપાલ સિસ્ટર રેણુકા, પનઘટના ભાવિન પટેલ, કલ્ચરલ ફૉરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા અને ડૉ. રાજેશ સહિત શહેરનાં અનેક સન્માનનીય લોકો આ ઉત્સવનો ભાગ બન્યાં હતાં.

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ વર્ષો બાદ એકબીજાને મળતાં ભેટી પડ્યાં હતાં અને જુનાં સંસ્મરણો વાગોળવામાં મસ્ત હતાં. વિદ્યાર્થીઓ સાથે શિક્ષિકાઓ શૈલા જોષી, સ્મિતા ઍન્જિનીયર, અનીતા ખન્ના, ડૉલી ક્રિશ્ચિયન અને પૂર્વ શિક્ષિકાઓ સરલા ઍન્જિનીયર, સરોજીની દવે વગેરે પણ ઉત્સાહભેર જોડાયાં હતાં.

કાર્યક્રમના ટૂંક સમયના આયોજનમાં અભય ડૅકોરેટર્સના યુસુફભાઈ મનસુરી અને એમની ટીમનું યોગદાન પણ નોંધપાત્ર રહ્યું... સરવાળે, આ મહોત્સવ આનંદ-ઉમંગ-ઉલ્લાસભર્યો બની રહ્યો...

તસવીર : કશ્યપ નિમાવત

# જૈન સાહિત્યના બે દિવસના સત્રમાં ૪૦થી વધુ સંશોધનપત્રો રજૂ થયાં

ગાંધીનગર, તા. ૨૬

ગૂજરાત વિદ્યાપીઠના આંતરરાષ્ટ્રીય જૈન વિદ્યા અધ્યયન કેન્દ્રના સહયોગથી જૈન વિશ્વકોષ અને ઈન્સ્ટીટ્યુટ ઑફ જૈનોલૉજીના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં બે દિવસીય જૈન સાહિત્ય જ્ઞાન સત્રનું ગૂજરાત વિદ્યાપીઠ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૪૦થી વધુ સંશોધનપત્રો રજૂ થયાં હતાં.

રાષ્ટ્રસંત નમ્રમુનિ મહારાજની નિશ્રામાં આયોજિત આ જ્ઞાન સત્રમાં વિદ્યાપીઠના કુલનાયક અનામિક સાહ અને કુલસચિવ રાજેન્દ્ર ખીમાણી સહિત મુંબઈ જૈન મહાસંઘના ટ્રસ્ટી ખીમજીભાઈ છાડવા દ્વારા ગુણવંત બરવાડિયા સંપાદિત અને જયંતમુનિ વિવૃત્ત ગ્રંથ 'કલ્યાણમંદિર સ્તોત્ર વિવેચન'નું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જ્ઞાન સત્રને અનુરૂપ પુસ્તકોનું પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું.

સત્રના બીજા દિવસે પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈના પ્રમુખ સ્થાને જૈન ધર્મ અને ગાંધી વિચારધારા તેમજ ઉપસર્ગ અને પરિષહપ્રધાન જૈનકથાનકો જેવા વિષયો પર તૈયાર થયેલાં ૪૦થી વધુ સંશોધનપત્રો રજૂ થયાં હતાં. આ પ્રસંગે રાજ સોભાગ સત્સંગ મંડળ, સાયલા દ્વારા ભગવાન રામચંદ્રજીના જીવનને લગતાં ચિત્રોનું એક પ્રદર્શન પણ યોજાયું હતું.

સૅક્ટર-૨૬ ખાતે સ્થિત જય પ્રકાશ વિદ્યાલય દ્વારા વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. નવા રણુજા, હાલાર તીર્થ, દ્વારકા, બેટ દ્વારકા, પોરબંદર, સોમનાથ, ભાલકા તીર્થ, દીવ અને બગદાણા સહિતનાં સ્થળોની વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી હતી.